પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર


Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૫૫ ૯ માર્ચ, ૨૦૨૨, બુધવાર; ફાગણ સુદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# મેરિયુપોલમાં ૩ લાખને રશિયાએ બંધક બનાવ્યા

## રશિયા-યુક્રેન યુદ્ધનો ૧૩મો દિવસ, રશિયાએ હુમલા તેજ કર્યા : ૨૦ લાખથી પણ વધારે લોકોનું યુદ્ધગ્રસ્ત યુક્રેનમાંથી પલાયન, સુમીમાંથી ભારત અને ચીનના વિદ્યાર્થીઓને પણ બહાર કઢાયા

કિવ, તા.૮

મંગળવારે રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો ૧૩મો દિવસ છે. એક તરફ બંને દેશો વચ્ચે વાતચીત ચાલી રહી છે તો બીજી તરફ રશિયાએ યુક્રેન પર હુમલા તેજ કર્યા છે. દરમિયાન, રશિયન હુમલાઓથી નાગરિકોને બચાવવા માટે યુક્રેનના પૂર્વીય શહેર સુમીમાં એક સુરક્ષિત કોરિડોર મંગળવારે ખુલી શકે છે. યુક્રેનના નાયબ વડા પ્રધાન ઈરિના વેરેશચુકે જણાવ્યું હતું કે પૂર્વી યુક્રેનિયન શહેર સુમીમાંથી નાગરિકોને બહાર કાઢવા માટે બંને



પક્ષો સવારે ૯ વાગ્યાથી રાત્રે ૯ વાગ્યા સુધી યુદ્ધવિરામ માટે સંમત થયા હતા. તેમણે કહ્યું કે સુમીમાંથી બહાર કાઢવામાં આવેલા લોકોમાં ભારત અને ચીનના વિદેશી વિદ્યાર્થીઓ પણ સામેલ છે.

બસો અથવા ખાનગી કારમાં સ્થળાંતર કરાયેલા નાગરિકો સાથેનો પ્રથમ કાફલો સવારે ૧૦ વાગ્યે યુક્રેનિયન શહેર પોલ્ટાવા તરફ એ જ રૂટ પર જવાનો છે. તેમણે કહ્યું કે રશિયાના સંરક્ષણ મંત્રાલયે ઈન્ટરનેશનલ રેડ ક્રોસને લખેલા પત્રમાં આ માટે સંમતિ આપી છે. તેણે એમ પણ કહ્યું કે કોરિડોરનો ઉપયોગ સુમીને માનવતાવાદી સહાય પહોંચાડવા માટે પણ કરવામાં આવશે.

યુક્રેનના વિદેશ મંત્રી દિમિત્રો કુલેબાએ ટ્વીટ કર્યું કે રશિયાએ મેરીયુપોલમાં ૩૦૦,૦૦૦ નાગરિકોને બંધક બનાવ્યા છે. તે જ સમયે, તેમણે કહ્યું કે આઈસીઆરસી આર્બિટ્રેશન સાથેના કરારો છતાં માનવતાવાદી સ્થળાંતરને અટકાવે છે. ગઈકાલે રશિયન હુમલામાં એક બાળકનું

● અનુસંધાન પાન-૭ પર

# રશિયાના ૫૨ ફાઈટર જેટ તોડી પાડ્યા : યુક્રેનનો દાવો

## ઘણા દેશોને ડર છે કે યુક્રેન અને રશિયા વચ્ચે સતત ૧૩ દિવસથી ચાલી રહેલું યુદ્ધ વિશ્વ યુદ્ધમાં ફેરવાઈ શકે છે

કિવ, તા.૮

રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધનો આજે ૧૩ મો દિવસ છે. યુક્રેન પર રશિયા સતત હુમલા કરી રહ્યું છે, જ્યારે યુક્રેન પણ રશિયાને જડબાતોડ જવાબ આપવાનો દાવો કરી રહ્યું છે. ઘણા દેશોને ડર છે કે યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલું યુદ્ધ વિશ્વ યુદ્ધમાં ફેરવાઈ શકે છે. યુદ્ધના કારણે ઘણા દેશોના નાગરિકો યુક્રેનમાં ફસાયેલા છે. ભારત પોતાના નાગરિકોની વાપસી માટે ઓપરેશન ગંગા ચલાવી રહ્યું છે. રશિયા યુક્રેન યુદ્ધના ક્ષણ ક્ષણ અપડેટ્સ અહીં જાણો.

રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ અને યુક્રેનના વિદેશ મંત્રી દિમિત્રો કુલેબા આજે (મંગળવારે) તુર્કીમાં મળશે. બંને નેતાઓ તુર્કીમાં બેઠક કરશે. તુર્કીએ આશા વ્યક્ત કરી છે કે યુદ્ધનો અંત આવશે.

દ્રઐદ્દૈહદ્વીહદ્વીહં એ યુક્રેનના સંરક્ષણ મંત્રાલયના મુખ્ય ગુપ્તચર નિર્દેશાલયના અહેવાલથી જણાવ્યું હતું કે યુક્રેને ખારકીવ નજીક રશિયન મેજર જનરલ ફૈંટ્ઠઙ્ખઅ ધૈંટ્ઠિજૈર્દ્બટ્ટ ની હત્યા કરી હતી. સ્પુટનિકના જણાવ્યા અનુસાર, યુક્રેનના વિદેશ મંત્રી દિમિત્રો કુલેબાએ રશિયાના રાષ્ટ્રપતિ




વ્લાદિમીર પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સકી વચ્ચે સીધી વાતચીત કરવા માટે આહ્વાન કર્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભારત દ્વારા યુદ્ધ વિરામની હાકલ




## યુએનએસસીની બેઠકમાં ભારતે બંન્ને દેશોને આંતરિક મતભેદો દૂર કરીને મહાસંકટને ટાળવા સમાધાન કરી લેવાની સલાહ આપી

નવી દિલ્હી, તા.૮

હાલ રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. જેને કારણે દુનિયાના અન્ય દેશોને પણ આ યુદ્ધથી અસર પહોંચી રહી છે. અને અન્ય દેશોમાં પણ એક પ્રકારે ક્યા દેશને સમર્થન કરવું તે અંગે તણાવની સ્થિતિ ઉભી થઈ છે. આ સ્થિતિ ત્રીજા વિશ્વ યુદ્ધ તરફ ઈશારો કરે છે. એ જોતા ભારતે રશિયા અને યુક્રેન બન્ને દેશોમાં યુદ્ધ વિરામની હાકલ કરીને બંન્ને દેશોને આંતરિક મતભેદો દૂર કરીને મહાસંકટને ટાળવા સમાધાન કરી લેવાની સલાહ આપી છે.

સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ ટીએસ

● અનુસંધાન પાન-૭ પર

# ગોવામાં એક્ઝીટપોલ બાદ હવે ગઠબંધનના વિકલ્પો શોધતી કોંગ્રેસ

## કોંગ્રેસ રાજ્યમાં આમ આદમી પાર્ટી (આપ) અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) સાથે ગઠબંધન માટે પણ તૈયાર

પણજી, તા.૮

ગોવા વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ કોંગ્રેસ રાજ્યમાં ગઠબંધનની શક્યતાઓ શોધી રહી છે. પાર્ટીએ 'બીજેપી વિરોધી પાર્ટીઓ' સાથે આવવાની જાહેરાત કરી છે.

મહત્વની વાત એ છે કે, કોંગ્રેસ રાજ્યમાં આમ આદમી પાર્ટી (આપ) અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) સાથે ગઠબંધન માટે પણ તૈયાર છે. જ્યારે અગાઉ કોંગ્રેસે બંને પક્ષો પર ભારતીય જનતા પાર્ટીના ઈશારે કામ કરવાનો આરોપ લગાવ્યો હતો. પાંચ રાજ્યો- પંજાબ, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરમાં મતદાન પૂર્ણ થયા બાદ ૧૦ માર્ચે મતગણતરી કરવામાં આવશે.

એક અહેવાલપ્રમાણે ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટીના ગોવા ડેસ્ક ઈન્ચાર્જ દિનેશ ગુંડુ રાવે સોમવારે જણાવ્યું હતું કે, જે પણ પાર્ટી ભાજપની વિરુદ્ધ છે તેની સાથે અમે વાત કરીશું અને અમે તેમની સાથે આવવા તૈયાર છીએ. હું અત્યારે કોઈ ખાસ પક્ષની વાત નથી કરી રહ્યો જે પણ પક્ષ ભાજપને સમર્થન આપવા નથી માંગતો અમે તેમને જગ્યા આપવા તૈયાર છીએ. તેમણે કહ્યું કે, ચૂંટણી દરમિયાન અમારી વિરુદ્ધ આપઅને ટીએમસીતરફથી અને અમારા દ્વારા તેમના વિરુદ્ધ ઘણા આરોપો લગાવવામાં આવ્યા હતા અને તે ચૂંટણી દરમિયાન હતું પરંતુ હવે પરિણામો પછી તે પક્ષોએ નક્કી કરવાનું છે કે તેઓ શું ઈચ્છે છે. અમે એવી પાર્ટીઓ સાથે કામ કરવા માંગીએ છીએ જે ભાજપને સમર્થન નથી આપતી. રવિવારે એક ન્યૂઝ ચેનલ સાથેની વાતચીત દરમિયાન રાવે આપઅને ટીએમસીપર ચર્ચા કરી હતી અને જણાવ્યું હતું કે, એક વાત બિલકુલ સ્પષ્ટ છે... તેઓ તેમના પ્રચારના સંદર્ભમાં ભાજપ વિરોધી છે. તેથી આપણે જોવું પડશે કે તેઓ શું કરે છે. રાવે કહ્યું કે, મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટી કોંગ્રેસના સંપર્કમાં છે. એમજીપીએ ટીએમસીસાથે ગઠબંધન કરીને ચૂંટણી લડી છે.

# હું કીવમાં છું અને કોઈનાથી ડરતો નથી, ક્યાંય નથી જવાનો

## યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલ્દોમીર ઝેલેન્સ્કીનો લલકાર : યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કી દેશ છોડીને ભાગી ગયા છે તેવી અટકળો પર પૂર્ણવિરામ મૂકવા ઝેલેન્સ્કીએ રાષ્ટ્રપતિ ભવનથી પોતાનો વીડિયો શેર કર્યો

કિવ, તા.૮

રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો છે ત્યારથી અવારનવાર એવી અટકળો સામે આવે છે કે યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલ્દોમીર ઝેલેન્સ્કી દેશ છોડીને ભાગી ગયા છે. આ અટકળો પર પૂર્ણવિરામ મૂકવા ઝેલેન્સ્કીએ રાષ્ટ્રપતિ ભવનથી પોતાનો એક વીડિયો શેર કર્યો છે. ઝેલેન્સ્કીએ કહ્યું કે હું અત્યારે કીવમાં છું અને કોઈનાથી ડરતો નથી. જ્યાં સુધી આ યુદ્ધ જીતી નહીં જઈએ હું ક્યાંય નથી જવાનો.



કીવ-યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે ત્યારે એવી અફવા ઉડી હતી કે યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલ્દોમીર ઝેલેન્સ્કી દેશ છોડીને પોલેન્ડ ભાગી ગયા છે. આ પહેલા પણ આ પ્રકારની અટકળો શરુ થઈ હતી. ઝેલેન્સ્કીએ આ અટકળો પર પોતાની પ્રતિક્રિયા આપી છે.

ઝેલેન્સ્કીએ રાષ્ટ્રપતિ ભવનમાં ફરતા હોય તેવો પોતાનો એક વીડિયો શેર કર્યો છે અને કહ્યું કે, હું રાજધાની કીવમાં જ છું અને કોઈનાથી ડરતો નથી. હું કોઈ બંકરમાં પણ નથી છુપાયો અને ત્યાં સુધી કીવમાં હાજર રહીશ જ્યાં સુધી દેશભક્તિ વાળા આ યુદ્ધને જીતવા માટે જરૂરી હશે. વોલ્દોમીર ઝેલેન્સ્કીએ આ વીડિયો શેર કરીને માત્ર પોતાની જનતાને જ નહીં, રશિયાને પણ સંદેશ આપ્યો છે.

યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ ઝેલેન્સ્કીએ રાજધાની કીવમાં સ્થિત રાષ્ટ્રપતિ ભવનના કોરિડોરમાં રાતના સમયે પોતે જ એક વીડિયો રેકોર્ડ કર્યો છે. ઉલ્લેખનીય છે કે રશિયાન આર્મીએ રાજધાની કીવને ચારે બાજુથી ઘેરી લીધી છે અને તે સમયે ઝેલેન્સ્કીએ દુનિયા સમક્ષ આ વીડિયો રજૂ કર્યો છે. ઝેલેન્સ્કીએ દેશ છોડીને જવાની ઓફર સ્વીકારવાનો ઈનકાર કરી દીધો હતો. તેમણે યુક્રેનના લોકોને આશ્વાસન આપ્યું કે તેઓ અને તેમના સહયોગી રાજધાની કીવમાં જ રહેશે.

ઝેલેન્સ્કીએ વીડિયોની સાથે કહ્યું કે, સોમવારે સાંજે આ અમારી ઓફિસ છે. આપણે હંમેશા કહીએ છીએ કે સોમવારનો દિવસ ઘણો મુશ્કેલ હોય છે. અમારા દેશમાં યુદ્ધ ચાલી રહ્યું છે. માટે હવે અમારા માટે પ્રત્યેક દિવસ સોમવાર છે. હું અત્યારે કીવમાં બરકોવામાં હાજર છું. હું કોઈનાથી ડરતો નથી. હું યુદ્ધ જીતીશું ત્યાં સુધી અહીંયા જ રહીશ.

# ખાદ્ય તેલ, સાબુ, શેમ્પુ તેમજ લેપટોપનાં ભાવ વધવાની વકી

## રશિયા-યુક્રેન યુદ્ધથી ક્રૂડ ઓઈલના ભાવમાં ભડકો : થોડા સપ્તાહમાં ભારતમાં મોંઘવારીની પ્રચંડ લહેર આવે તેવી શક્યતા

નવી દિલ્હી, તા.૮

ખાદ્ય તેલ, સાબુ, શેમ્પૂ, સ્માર્ટફોન, લેપટોપ, કોસ્મેટિક આઈટમ્સ... આ તમામ ચીજોના ભાવ ટૂંક સમયમાં વધવાના છે. રશિયા અને યુક્રેન યુદ્ધના કારણે હવે ભારતીય મિડલ ક્લાસે પણ માર સહન કરવો પડશે. ક્રૂડ ઓઈલના ભાવ વિક્રમજનક ઊંચી સપાટીએ પહોંચ્યા છે અને ડોલરની સામે રૂપિયો તૂટ્યો છે તેના કારણે આગામી થોડા જ સપ્તાહમાં આયાત મોંઘી પડશે. થોડા જ સપ્તાહમાં ભારતમાં મોંઘવારીની પ્રચંડ લહેર આવે તેવી શક્યતા છે. હાલમાં દરેક કોમોડિટીના ભાવ વધી રહ્યા છે. પછી તે ક્રૂડ ઓઈલ હોય, સોનું હોય, ખાદ્ય તેલ હોય કે પછી મેટલ હોય. યુરોપમાં યુદ્ધના કારણે સપ્લાયની અનિશ્ચિતતા પેદા થવાથી ભારતીય મધ્યમ વર્ગ પણ દાઝશે. નિષ્ણાતોએ કહ્યું કે કન્ઝ્યુમર ગુડ્સનો ભાવ ૧૦ ટકા વધી શકે છે. જ્યારે ખાદ્યતેલના ભાવમાં ૨૦ ટકા જેટલો વધારો થઈ શકે છે.સનફ્લાવર, પામ ઓઈલ, સ્ટીલ, એલ્યુમિનિયમ, કોપર જેવી કોમોડિટીના ભાવમાં છેલ્લા ૮થી ૧૦ દિવસની અંદર ૧૦થી ૧૫ ટકા જેટલો વધારો થયો છે. ક્રૂડ ઓઈલ મોંઘું થવાથી કોસ્મેટિક્સ પણ મોંઘા પડશે કારણ કે તેમાં ઓઈલના ડેરિવેટિવનો ઉપયોગ થતો હોય છે. આ ઉપરાંત રૂપિયાના ઘસારાના કારણે ડોલર મોંઘો થવાથી ઈમ્પોર્ટેડ માલ મોંઘો પડવાનો છે. કોવિડ ૧૯ની ગંભીર સ્થિતિ હતી ત્યારે ઈલેક્ટ્રોનિક સેક્ટરે દરેક ક્વાર્ટરમાં ૨થી ૩ ટકા જેટલો ભાવ વધારો કરવો પડ્યો હતો. આગામી ક્વાર્ટરમાં આ ભાવવધારો વધુ આકરો હશે તેમ ગોદરેજ એપ્લાયન્સિસના બિઝનેસ હેડ કમલ નંદીએ જણાવ્યું હતું.

# તમામ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને ૨૭મી માર્ચથી ઊડાનની મંજૂરી

## સરકારે સબંધિતો સાથે પરામર્શ બાદ નિર્ણય લીધો : હાલમાં વિદેશી પેસેન્જર ફ્લાઈટ પરનો વર્તમાન પ્રતિબંધ ૨૬ માર્ચ રાત્રે૧૨ વાગ્યા સુધી અમલમાં રહેશે, એર બબલ કરાર પણ આ જ સમયગાળા સુધી અમલમાં રહેશે

નવી દિલ્હી, તા.૮

ભારત સરકારે ૨૭ માર્ચથી દેશમાં આવતી અને જતી તમામ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને ઉડાન ભરવાની મંજૂરી આપી છે.

સરકારે કહ્યું છે કે, આ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા વિદેશી ફ્લાઈટ્સ માટે નિર્ધારિત માર્ગદર્શિકા હેઠળ જ ચાલશે.

આ સંદર્ભમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન (ડીજીસીએ) દ્વારા માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, ૨૩ માર્ચ ૨૦૨૦ના રોજ તમામ શેડ્યુલ્ડ આંતરરાષ્ટ્રીય વ્યવસાયિક ફ્લાઈટ્સનું સંચાલન સ્થગિત કરવામાં આવ્યું હતું. આ અંગેનો પરિપત્ર ૧૯ માર્ચ ૨૦૨૦ના રોજ બહાર પાડવામાં આવ્યો હતો. ડીજીસીએએ કહ્યું છે કે, વિશ્વભરમાં કોવિડ-૧૯ સામે વધી રહેલા રસીકરણને ધ્યાનમાં રાખીને અને તમામ સંબંધિતો સાથે પરામર્શ કર્યા પછી આ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સનું સંચાલન સંપૂર્ણપણે ફરીથી શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિયમ ૨૭ માર્ચ ૨૦૨૨થી લાગુ થશે.

હાલમાં વિદેશી પેસેન્જર ફ્લાઈટ પરનો વર્તમાન પ્રતિબંધ ૨૬ માર્ચ રાતે ૧૨ વાગ્યા સુધી અમલમાં રહેશે. એર બબલ કરાર પણ આ જ સમયગાળા સુધી અમલમાં રહેશે.

# યુક્રેનનાં સુમીમાં ફસાયેલા ૭૦૦ વિદ્યાર્થીઓને બહાર કાઢવાનું મિશન શરૂ

## સિઝફાયરના એલાનથી હ્યુમન કોરિડોર બનાવાશે : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અગાઉ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સાથે વાત કરીને ભારતીયોને બહાર કાઢવા મદદ માંગી હતી

નવી દિલ્હી, તા.૮

યુધ્ધગ્રસ્ત યુક્રેનના સુમીમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢવાનુ મિશન આખરે શરુ થઈ ગયુ છે.મળતી જાણકારી પ્રમાણે અહીંયા ફસાયેલા ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓને હેમખેમ કાઢવા માટે રશિયાએ સીઝફાયરનુ આજે એલાન કર્યુ છે અને તેના પગલે હ્યુમન કોરિડોર બનાવીને વિદ્યાર્થીઓને પોલટાવા તેમજ રશિયાના બેલગોરોડ લાવવામાં આવશે. જ્યાંથી તેઓને હવાઈ માર્ગે અથવા રેલવે કે બસમાં કેટલીક પસંદગીની જગ્યાએ મોકલવામાં આવશે.ભારતીય દૂતાવાસની ટીમો પોલટાવા શહેરમાં હાજર હતી.આ ટીમો ભારતીય વિદ્યાર્થીઓને પાછી લાવવાની છે. આ પહેલા પીએમ મોદીએ સોમવારે યુક્રેનના રાષ્ટ્રપતિ જેલેન્સ્કી સાથે વાત કરી સુમીમાં ફસાયેલા ભારતીયોને બહાર કાઢવા માટે તેમની મદદ માંગી હતી.

# ઈન્ડિયન એમ્બેસીના ડ્રાઈવરે ઘાયલ ભારતીય વિદ્યાર્થીને ૭૦૦ કિમી દૂર સુધી પહોંચાડ્યો

## ઈન્ડિયન એમ્બેસીના ડ્રાઈવરની બહાદુરી : ઘાયલ વિદ્યાર્થીને ટ્રાફિક જામના ખતરા વચ્ચે કીવથી બોડોમિર્જ સરહદ સુધી પહોંચાડ્યો

કીવ, તા.૮

યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધ વચ્ચે ભારતીય એમ્બેસીના ડ્રાઈવરની ઘણી પ્રશંસા થઈ રહી છે. આ ડ્રાઈવરે ગોળી વાગવાથી ઘાયલ થયેલા ભારતીય વિદ્યાર્થી હરજોત સિંહને તમામ મુશ્કેલીઓ વચ્ચે કીવમાંથી સુરક્ષિત બહાર લઈને આવ્યો. ભારતીય એમ્બેસીએ ડ્રાઈવરના નામનો ખુલાસો નથી કર્યો. બસ, એટલું જણાવ્યું છે કે, આ ડ્રાઈવરે હરજોત સિંહ સુરક્ષિત ભારત પાછો જઈ શકે તે માટે તેને ગોળીબાર, ઈંધણની અછત, રોડ બ્લોક અને ટ્રાફિક જામ જેવી સમસ્યાઓ વચ્ચે કીવથી લગભગ ૭૦૦ કિલોમીટર દૂર પોલેન્ડ નજીકની બોડોમિર્જ સરહદ સુધી પહોંચાડ્યો. હરજોતને થોડા દિવસ પહેલા કીવમાં ગોળી વાગી હતી. તે પછીથી તેને સારવાર માટે હોસ્પિટલમાં એડમિટ કરાયો હતો.

હોસ્પિટલમાંથી રજા મળ્યા પછી ભારતીય એમ્બેસીએ હરજોતને ભારત મોકલવાની વ્યવસ્થા કરી. તેમાં સૌથી મોટી મુશ્કેલી ગોળીબાર વચ્ચે તેને પોલેન્ડ સરહદ સુધી પહોંચાડવાની હતી. ૭૦૦ કિલોમીટરના આ રસ્તા પર પણ રશિયા અને યુક્રેન વચ્ચે ગોળીબાર ચાલી રહ્યો છે. એ કારણે યુક્રેનમાં ઈંધણની પણ અછત થઈ ગઈ છે. યુક્રેન છોડવાની ઉતાવળને કારણે રસ્તા પર ટ્રાફિક વધવાથી ઠેર-ઠેર જામ લાગી ગયો છે. આ પડકારોને જોતાં ભારતીય એમ્બેસીએ પોતાના જ એક ડ્રાઈવરને કારથી હરજોતને પોલેન્ડ સરહદ સુધી છોડવાનો નિર્દેશ આપ્યો.